RESEARCH REVIEW JOURNALS
Volume-03
Issue-06
June-2018

ISSN: 2455-3085 (Online)
RESEARCH REVIEW International Journal of Multidisciplinary
www.rrjournals.com [UGC Listed Journal]

# મોડાસા જિલ્લાની નિમ્ન શૈક્ષણિક સિદ્ધિ ધરાવતી માધ્યમિક શાળાઓનો અભ્યાસ

*Akash R. Rami

*Assi. Professor, Shri K. H. Patel M.Ed. Institute, Modasa, Gujarat (India)*

**ARTICLE DETAILS**

**Article History**
*Published Online*: 19 June 2018

**Keywords**
મોડાસા જિલ્લો, નિમ્ન શૈક્ષણિક સિદ્ધિ, માધ્યમિક શાળા

***Corresponding Author**
*Email: akashrami98[at]gmail.com*

**ABSTRACT**

આપણા ગુજરાત રાજ્યમાં એસ.એસ.સી. બોર્ડની પરીક્ષાનું પરિણામ કેટલાય વર્ષોથી ઓછું આવે છે અને તેમાંય રાજ્યની કેટલીક શાળાઓ એવી છે કે જેનું પરિણામ ૩૦ ટકા કરતાં ઓછું કેટલાંય વર્ષોથી આવે છે. આવી શાળાઓની નિમ્ન શૈક્ષણિક સિદ્ધિનું કારણ શું છે ? તે જાણવા મળે તો અત્યારે શિક્ષણ લઈ રહેલા એસ.એસ.સી. ના વિદ્યાર્થીઓ કે જે ભાવિ વિદ્યાર્થીઓને એવું સૂચન કરી શકાય કે શિક્ષણ જીવનના વિકાસ માટે એક નિર્ણાયક પરિબળ છે. આ રીતે શિક્ષણ પ્રત્યે વિદ્યાર્થીઓના વલણને હકારાત્મક પ્રોત્સાહન મળ્યું હતું. આ દૃષ્ટિએ જોતાં મોડાસા જિલ્લાના અમુક વિસ્તારો પછાત છે આવા વિસ્તારમાં સાધન સંપન્ન શાળાઓ ખુબ જ ઓછી છે પરિણામે આ વિસ્તારમાં શિક્ષણકાર્ય કરતાં આચાર્યો અને શિક્ષકોને મુશ્કેલીઓ વેઠવી પડે છે.

**પ્રસ્તાવના :**

આજનો યુગ જ્ઞાન વિજ્ઞાનના વિસ્ફોટનો યુગ છે. જ્ઞાનની દિશાઓ દિવસે-દિવસે વધતી જાય છે. ભારતના અધિકતમ રાજ્યો શિક્ષણના ક્ષેત્રમાં મુળથી પરિવર્તન કરવા માટે કટિબદ્ધ થયા છે. કોઈપણ રાષ્ટ્ર, સમાજ અથવા વ્યક્તિના વિકાસમાં શિક્ષણ સૌથી અગત્યનો ભાગ ભજવે છે. વિશ્વના જે જે દેશો શૈક્ષણિક રીતે સદ્ધર છે ત્યાં આર્થિક વિકાસ પણ સારા એવા પ્રમાણમાં થયો છે. આવા બદલાતા પ્રવાહોની વિદ્યાર્થીઓ ઉપર થતી અસર અને તેમના પ્રત્યાઘાતો જાણવા માટે કોઈ અસરકારક માર્ગ હોય તો તે પરીક્ષાઓના પરિણામો છે. આજે આપણે જોઈએ છીએ કે, ઘણી બધી શાળાઓના પરિણામો અતિ નબળાં આવે છે. માત્ર ઘણી ગાંઠી શાળાઓ જ પરિણામો સારા લાવે છે. તો આના માટે જવાબદાર કયા પરિબળો ? શાળાઓની પરીક્ષાને બોર્ડની પરીક્ષાઓનું સ્વરૂપ આપી દેવાના કારણે તેમજ આ પરિણામ પર ભાવિ અભ્યાસ અને ભાવિ કારકિર્દીનો આધાર હોવાના કારણે પરિણામોએ વિદ્યાર્થીઓના અને શાળા બંનેના માટે મોભાનું સ્વરૂપ ધારણ કર્યું છે. પરિણામે એક શૈક્ષણિક પ્રક્રિયાને બદલે પ્રસાશનિક પ્રક્રિયા બની ગઈ છે.

**અભ્યાસના હેતુઓ:**

૧. નિમ્ન શૈક્ષણિક સિદ્ધિ ધરાવતી માધ્યમિક શાળાઓનો અભ્યાસ કરવા સ્વનિર્મિત પ્રશ્નાવલિની રચના કરવી.
૨. નિમ્ન શૈક્ષણિક સિદ્ધિ ધરાવતી માધ્યમિક શાળાઓની ભૌતિક અને શૈક્ષણિક સુવિધાઓનો અભ્યાસ કરવો.
૩. નિમ્ન શૈક્ષણિક સિદ્ધિ ધરાવતી માધ્યમિક શાળાઓની નિમ્ન સિદ્ધિ અંગે આચાર્યના વિચારો જાણવા.
૪. નિમ્ન શૈક્ષણિક સિદ્ધિ ધરાવતી માધ્યમિક શાળાઓની નિમ્ન સિદ્ધિ અંગે શિક્ષકોના વિચારો જાણવા.

**અભ્યાસના પ્રશ્નો :**

૧. નિમ્ન શૈક્ષણિક સિદ્ધિ ધરાવતી માધ્યમિક શાળાઓની ભૌતિક સુવિધાઓ કેવી હશે ?
૨. નિમ્ન શૈક્ષણિક સિદ્ધિ ધરાવતી માધ્યમિક શાળાઓની શૈક્ષણિક સુવિધાઓ કેવી હશે ?
૩. નિમ્ન શૈક્ષણિક સિદ્ધિ ધરાવતી માધ્યમિક શાળાઓ અંગે આચાર્યના વિચારો કેવા હશે ?
૪. નિમ્ન શૈક્ષણિક સિદ્ધિ ધરાવતી માધ્યમિક શાળાઓ અંગે શિક્ષકોના વિચારો કેવા હશે ?

**સંશોધનનું ક્ષેત્ર :**

પ્રસ્તુત સંશોધન ક્ષેત્ર શિક્ષણનું મનોવિજ્ઞાન અને નિમ્ન શૈક્ષણિક સિદ્ધિ ધરાવતી માધ્યમિક શાળાઓ.

**સંશોધન પ્રકાર અને પદ્ધતિ :**

પ્રસ્તુત સંશોધન વ્યાવહારિક અને સંખ્યાત્મક પ્રકારનું હતું તેમજ પ્રસ્તુત સંશોધન સર્વેક્ષણ પદ્ધતિનું હતું.

**અભ્યાસની મર્યાદાઓ :**

૧. પ્રસ્તુત અભ્યાસ માત્ર મોડાસા જિલ્લાની નિમ્ન શૈક્ષણિક સિદ્ધિ ધરાવતી માધ્યમિક શાળાઓ પુરતો જ મર્યાદિત હતું.
૨. પ્રસ્તુત અભ્યાસમાં શૈક્ષણિક વર્ષ ૨૦૧૭-૧૮માં સેવા બજાવતા શાળાના આચાર્યો અને શિક્ષકોના વિચારો પર આધારિત હતું.
૩. પ્રસ્તુત અભ્યાસ માટેની વિગતો પ્રશ્નાવલિ દ્વારા મેળવવામાં આવી. તેના દ્વારા પ્રાપ્તથયેલી માહિતીને જ અભ્યાસનો આધાર ગણવામાં આવ્યો હતો.

© RRIJM 2015, All Rights Reserved

**સંશોધનના ઉપકરણો :**

પ્રસ્તુત સંશોધનો માટે જરૂરી માહિતી સ્વનિર્મિત પ્રશ્નાવલી દ્વારા મેળવવામાં આવી.

**વ્યાપ વિશ્વ અને નમૂનો :**

પ્રસ્તુત સંશોધનમાં વ્યાપવિશ્વ તરીકે મોડાસા જિલ્લાની નિમ્ન શૈક્ષણિક સિદ્ધિ ધરાવતી માધ્યમિક શાળાઓના આચાર્યો અને શિક્ષકોનો સમાવેશ કરવામાં આવ્યો હતો. પ્રસ્તુત સંશોધનમાં મોડાસા જિલ્લાની નિમ્ન શૈક્ષણિક સિધ્ધિ ધરાવતી ૧૦ માધ્યમિક શાળાઓના ૧૦ આચાર્યો અને ૩૦ શિક્ષકોની યાદૃચ્છિક નમૂના માટે પસંદ કરવામાં આવ્યા હતા.

**માહિતીનું પૃથક્કરણ અને અર્થઘટન :**

પ્રસ્તુત સંશોધનમાં ૧૦ આચાર્યો અને ૩૦ શિક્ષકો પાસેથી માહિતી મેળવવામાં આવી. સંશોધકે પ્રાપ્તમાહિતીનું યોગ્ય આંકડાશાસ્ત્રીય પદ્ધતિ દ્વારા પૃથક્કરણ કરવામાં આવ્યું તેમજ મેળવેલ માહિતીનું સારણી દ્વારા વિશ્લેષણ કરીને અર્થઘટન કરવામાં આવ્યું.

**અભ્યાસનાં તારણો :**

૧. નિમ્ન સિદ્ધિ ધરાવતી નમૂનાની શાળાઓમાં વહીવટ સાથે સંકળાયેલ ભૌતિક સુવિધાઓનું પ્રમાણ

   વિશેષ જ્યારે શૈક્ષણિક કાર્ય સાથે સંકળાયેલ સુવિધાઓનું પ્રમાણ ઓછું હતું.

૨. વિધાર્થીઓને ગૃહકાર્ય અપાય છે. પરંતુ વિધાર્થીઓ ગૃહકાર્ય કરી લાવતા હોય એવું ઓછું જણાયું હતું.

૩. આચાર્યોના મત અનુસાર નિમ્ન સિદ્ધિનાં કારણો

   - વિદ્યાર્થીઓ ખુબ જ નીચી કક્ષાનાં આવે છે.
   - વિદ્યાર્થીઓ અભ્યાસ માટે મહેનત કરતાં નથી.

૪. શિક્ષકોના મત અનુસાર નિમ્ન સિદ્ધિનાં કારણો

   - વિદ્યાર્થીઓ શાળામાં સવાર-સાંજ અલગ-અલગ પ્રવૃત્તિઓ કરે છે.
   - વિદ્યાર્થીઓના વાલીઓ તેમના અભ્યાસ પ્રત્યે સભાન નથી.

**સૂચનો :**

પ્રસ્તુત અભ્યાસનાં તારણોના આધારે સંશોધકે માધ્યમિક શાળાઓની શૈક્ષણિક સિદ્ધિ ઉંચી લાવવા નીચે પ્રમાણે સુચનો કરવા પ્રેરાય છે.

૧. શાળાઓમાં શૈક્ષણિક સુવિધાઓ વધારવી.

૨. વિદ્યાર્થીઓની હાજરીમાં નિયમિતતા લાવવી.

૩. શાળામાં એકમ કસોટીઓનું આયોજન કરવું.

**ભાવિ સંશોધન અંગેની ભલામણો :**

૧. એસ.એસ.સીના પરિણામના સંદર્ભમાં ઉચ્ચ સિદ્ધિ ધરાવતી માધ્યમિક શાળાઓનો અભ્યાસ.

૨. જાહેર પરિણામના સંદર્ભમાં ઉચ્ચ સિદ્ધિ ધરાવતી તેમજ નિમ્ન સિદ્ધિ ધરાવતી માધ્યમિક તેમજ ઉચ્ચતર માધ્યમિક શાળાઓનો તુલનાત્મક અભ્યાસ હાથ ધરી શકાય.

૩. જાહેર પરિણામના સંદર્ભમાં ઉચ્ચ સિદ્ધિ ધરાવતી તેમજ નિમ્ન સિદ્ધિ ધરાવતી માધ્યમિક તેમજ ઉચ્ચતર માધ્યમિક શાળાઓ વિશે વાલીઓ અને વિદ્યાર્થીઓના પ્રતિભાવો જાણવા.

૪. માધ્યમિક શાળાઓમાં અભ્યાસ કરતા પછાત વર્ગના વિદ્યાર્થીઓને અભ્યાસમાં પડતી મુશ્કેલીઓનો અને તેની સિદ્ધિ પર પડતી અસરનો અભ્યાસ.

## સંદર્ભ સૂચિ:

૧. ઉચાટ, ડી.એ તથા અન્ય (૧૯૯૮), સંશોધનનું સંદોહન પ્રથમ આવૃતિ, રાજકોટ : સૌરાષ્ટ્ર યુનિવર્સિટી.

૨. ચંદ્રકાન્ત ભોગાયતા (૧૯૯૧), સંકલ્પનાઓનું શિક્ષણ અને પરીક્ષાની ટેક્નોલોજી.

૩. ત્રિવેદી મનુભાઈ દ. (૧૯૮૧), શિક્ષણમાં આંકડાશાસ્ત્ર - અમદાવાદ યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ.